ગાંધીનગર સમાચાર

## ગાંધીનગરથી અંબાજી ૩૦ બસો ચાર દિવસ દોડશે





જય જય અંબે - ભાદરવી પૂનમને આડે હવે માત્ર છ દિવસ બાકી છે ત્યારે પદયાત્રીઓથી ગાંધીનગરના માર્ગો ઉભરાઈ રહ્યા છે... શુક્રવારે વહેલી સવારથી મોડી સાંજ સુધી અમદાવાદ તરફથી આવતા પદયાત્રીઓના પ્રવાહમાં નોંધપાત્ર વધારો જોવા મળતો હતો... સાથે સાથે ગાંધીનગરના સેવાભાઈ નાગરિકો અને સંસ્થાઓ દ્વારા આરંભાયેલા સેવાકેન્દ્રોનો લાભ પણ મોટી સંખ્યામાં લેવાતો હતો... શહેરના ઘણા સેવાકેન્દ્રમાં પદયાત્રીઓ માટે આરામ કરવાની સુવિધા પણ ઉભી કરાઈ છે....

# સાઈકલ શેરીંગ પ્રોજેકટને ગુડા વિસ્તારમાં પણ અમલી બનાવાશે

### શહેર તેમજ ગુડા વિસ્તાર માટે વધુ ૪૦૦ સાઇકલો તેમજ ૧૫ સ્ટેન્ડ બનાવાશે : હાલ રોજ ૫૦૦ નાગરિકો સાઇકલ સવારી કરે છે

ગાંધીનગર તા ૯

ગુડાના સાઈકલ શેરીંગ પ્રોજેકટને આમ નાગરિકો તરફથી સારો પ્રતિસાદ મળતા આ પ્રોજેકટને ગુડા વિસ્તારમાં પણ અમલી બનાવાશે. શહેરી તેમજ ગુડા વિસ્તારમાં સાઈકલના વધુ ૧૫ સ્ટેન્ડ બનાવાશે હાલ રોજ ૫૦૦ નાગરિકો આ પ્રોજેકટનો લાભ લઈ રહયા છે. જેને ધ્યાને લઈ ગુડા દ્વારા નવી ૪૦૦ સાઈકલો પણ ખરીદવામાં આવશે.

આમ નાગરિકોની તંદુરસ્તી અને પ્રદુષણની સમસ્યાને ડામવાના ઉમદા અભિગમને વેગ આપવા ગુડા દ્વારા સાઈકલ શેરીંગનો પ્રોજેકટ અમલી બનાવાયો છે.

ગુડા દ્વારા જનસુખાકારીને ધ્યાનમાં રાખી આમ નાગરિકોની જરૂરિયાતને અનુલક્ષી ગત માર્ચ મહીનામાં સાઈકલ શેરીંગ પ્રોજેકટ શરૂ કરાયો હતો.ટ્રીન..ટ્રીન ..અને ગ્રીન ગ્રીન આ પ્રોજેકટ અન્વયે શહેરમાં વિવિધ ૧૧ ઠેકાણે સાઈકલ સ્ટેન્ડ ઉભા કરાયા હતા. જયારે ૧૦૦ જેટલી સાઈકલો પણ પ્રાયોગિક ધોરણે મુકવામાં આવી હતી. જયારે શરૂઆતના ત્રણ મહીના સુધી આ પ્રોજેકટ અન્વયે મફત સાઈકલ સવારી પુરી પાડવાનો નિર્ણય લેવાયો હતો. જયારે ત્રણ મહીનાના અંતે આ પ્રોજેકટને યોગ્ય જનપ્રતિસાદ મળ્યો હોવાનુ સ્પષ્ટ થતા ગુડા તંત્ર દ્વારા વધુ નવી ૪૦૦ સાઈકલો ખરીદવાનો નિર્ણય લેવાયો છે.હાલ રોજ ૫૦૦ જેટલા નાગરિકો આ પ્રોજેકટનો લાભ લઈ સાઈકલ સવારી કરી રહયા છે. જયારે પ્રોજેકટની સફળતાને ધ્યાને લઈ આ યોજનાને અપગ્રેડ કરવા માટે ગુડા તંત્ર દ્વારા નિર્ણય લેવાયો છે. ગુડાના ચેરમેન આશિષ દવેના જણાંવ્યા મુજબ આ પ્રોજેકટ અન્વયે વધુ નવા ૧૫ સ્ટેન્ડ બનાવાશે. જયારે શહેરી વિસ્તાર ઉપરાંત ગુડા વિસ્તારને પણ સાઈકલ શેરીંગ પ્રોજેકટ હેઠળ આવરી લેવાશે. જો કે પ્રથમ ત્રણ માસ બાદ ભાડાનો દર લાગુ કરવાની વાત હજુ પણ વિચારણા હેઠળ છે. પરંતુ સાઈકલ શેરીંગ પ્રોજેકટની સફળતાને ધ્યાને લઈ તંત્ર દ્વારા પ્રોજેકટનો લાભ મહત્તમ નાગરિકોને મળે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે.

# વિકાસ અને કલ્યાણલક્ષી યોજનાઓના અમલીકરણાં ઉદાસીનતા નહિ ચલાવાય

### ત્રણ કલાકથી વધુ સાખાધિકારીઓને તા.વિ. અધિકારીઓની સંયુક્ત બેઠકમાં વિવિધ કામગીરીની સમીક્ષા કરતા ડી.ડી.ઓ.

ગાંધીનગર, તા. ૯

વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી યોજનાઓના અમલીકરણ માટે તંત્રનું ઉદાસીન વલણ સાંખી લેવાશે નહિ તેમજ વિકાસના કામો તેની સમય-મર્યાદામાં જ પૂર્ણ થાય તે જોવાની કડક તાકીદ આજે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ શાખાધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓની સંયુક્ત બેઠકને સંબોધતાં આપી હતી.

ગત નાણાંકીય વર્ષના વિસ્તાર વિકાસ ગ્રાન્ટના કામો જે બાકી છે તે ૩૦-૯ સુધીમાં પૂર્ણ કરવા માટે આજે તેમને કડક તાકીદ કરી જણાવ્યુ હતુ કે વિકાસલક્ષી કામો તેની સમય-મર્યાદામાં પૂર્ણ થાય અને ગુણવત્તાસભર કામગીરી થાય તે અત્યંત જરૂરી છે. જિલ્લા વિકાસ અધિકારીએ આજની આ બેઠકમાં ૨૦થી પણ વધુ મુદ્દાઓની ખુબ ઝીણવટભરી સમીક્ષા કરતાં જણાવ્યું હતું કે ક્ષેત્રીય કચેરીઓની મુલાકાત પણ સમયાંતરે લઈ તેનો અહેવાલ આપવામાં આવે તે જરૂરી છે. તેમણે જણાવ્યું કે પેન્શનના કેસોનો સમયસર નિકાલ થાય અને સરકારની માર્ગદર્શક સૂચનાઓનો અમલ આ માટે થાય તે પણ જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૮ના યુવાનને ડેન્ગ્યુ જણાતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના સે. ૨૮માંથી ડેન્ગ્યુનો એક દર્દી મળી આવેલ છે. જે હાલ શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સે. ૨૮ના એક યુવાનને તાવ આવતો હોવાથી ગાંધીનગર સિવિલમાં સારવાર માટે ગયેલ જ્યાં તેની લોહીની તપાસ દરમ્યાન ડેન્ગ્યુ પોઝીટીવ જણાયો હતો. આ પછી દર્દી સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ થયાનુ જાણવા મળેલ છે.

શહેરી મેલેરિયા તંત્રની ધ્યાને આ વાત આવતા તાત્કાલિક દર્દીના ઘરે પહોંચી ત્યાં એન્ટી લારવેલની કામગીરી કરી હતી તેમજ આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ કરતાં કોઈ અન્ય કેસ મળી આવેલ નથી. શહેરમાં અત્યાર સુધીમાં પાંચ ડેન્ગ્યુના કેસ નોંધાયા છે.

શહેરને વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ ગણવામાં આવેલ છે. અને હાલ મચ્છરોની ઉત્પત્તિ માટે સૌથી સાનુકૂળ વાતાવરણ છે તેમ જાણવા મળેલ છે.

# એમ.આઈ.જી. આવાસ યોજના અન્વયે ૧૭મીએ આખરી યાદી તૈયાર થશે

### ૪૦૦ ફોર્મ નામંજુર થયા : રીજેકટ ફોર્મ માટે ગુડાની કમિટી દ્વારા નિર્ણય લેવાશે

ગાંધીનગર તા ૯

ગુડા દ્વારા હાથ ધરાનારી એમ આઈ જી આવાસ યોજના અન્વયે આગામી તા ૧૭ સપ્ટેમ્બરના રોજ લાભાર્થીઓની યાદી આખરી થશે. એમ આઈ જી આવાસ યોજના અન્વયે ૨૧૦૦ અરજદારો પૈકી ૪૦૦ના ફોર્મ રીજેકટ થયા છે. આવાસ માટેની અરજી નામંજુર થઈ હોય તેવા કીસ્સામાં અરજદારોને સાંભળવા માટે ગુડા દ્વારા કમિટીની રચના કરવામાં આવી છે. જેના અંતે આખરી યાદી તૈયાર થયા બાદ ડ્રો ની તારીખ નક્કી કરવામાં આવશે.

ગુડા દ્વારા રાયસણ,ચિલોડા અને અડાલજ વિસ્તારમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જેના અંતે ૧૧૦૦ જેટલા લાભાર્થીઓને આવાસ ફાળવવામાં આવ્યા છે.

જયારે ગુડા દ્વારા મધ્મવર્ગના પરિવારજનો માટે પણ એમ આઈ જી આવાસ યોજના તૈયાર કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ માટે ગુડા તંત્ર દ્વારા ટુંકમાં જ મકાનોની ફાળવણી કરવામાં આવશે. ગુડા દ્વારા ૫૦૦ જેટલા આવસો તૈયાર કરવામાં આવનાર છે. જયારે ગુડાની આ આવાસ યોજના અન્વયે ૨૧૦૦ જેટલા અરજદારોએ અરજી કરી છે. પરંતુ આ પૈકી ૪૦૦ જેટલા ફોર્મ રીજેકટ થયા છે.

ગુડાના સુત્રોના જણાંવ્યા મુજબ રીજેકટ થયેલા ફોર્મ અન્વયે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એક કમિટીની રચના કરવામાં આવી છે. ફોર્મ નામંજુર થયા હોય તેવા કિસ્સામાં અરજદારોને સાંભળવામાં આવશે. જયારે યોગ્ય ચકાસણીના અંતે કમિટી દ્વારા નિર્ણય લેવાશે. ત્યારબાદ ગુડાની નવી આવાસ યોજના અન્વયે એમ આઈ જી મકાનો માટે ડ્રો ની તારીખ નિયત કરાશે.

# ગાંધીનગરથી અંબાજી ૩૦ બસો ચાર દિવસ દોડશે

ગાંધીનગર તા ૯

ભાદરવી પુનમ નિમિત્તે અંબાજી પગપાળા જતા ભાવિકોને ધ્યાને લઈ અંબાજી રૂટની બસ સેવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા પણ આ માટે ૩૦ બસો ફાળવવામાં આવી છે.આગામી તા ૧૨ થી ૧૬ સપ્ટેમ્બર સુધી ૩૦ બસો આ રૂટમાં દોડાવાશે. ગાંધીનગર ડેપો દ્વારા અમદાવાદ ડેપોને બસો ફાળવવામાં આવી છે. ગાંધીનગર ડેપોમાં મુસાફરોની પુછપરછ માટે શહેરી વિસ્તારને અનુલક્ષી નવો કન્ટ્રોલ પોઈન્ટ પણ ઉભો કરવામાં આવ્યો છે. જેથી મુસાફરોને બસસેવા માટે પુછતાછ કરવા માટે સરળતા રહેશે. અંબાજી જતા શ્રધ્ધાળુઓ માટે બસ સેવાનુ વિશેષ આયોજન એસ ટી નિગમ દ્વારા પ્રતિવર્ષ કરવામાં આવે છે. જયારે મોટી સંખ્યામાં જતા ભાવિકોને બસ સેવા પુરી પાડવા માટે વિવિધ ડેપોમાંથી પણ બસ પુરી પાડવામાં આવે છે. ગાંધીનગર ડેપો દ્વારા પણ અંબાજી રૂટ માટે ૩૦ બસો ફાળવી દેવાઈ છે. આગામી તા ૧૨ થી ૧૬ સપ્ટેમ્બર સુધી આ રોજ ૩૦ જેટલી બસો આ રૂટમાં દોડશે અંબાજી બસ સેવા માટે ગાંધીનગર ડેપો દ્વારા અમદાવાદ ડેપોને આ બસ ફાળવવામાં આવી છે. બીજીતરફ મુસાફરોને પડતી હાલાકીને ધ્યાને લઈ ગાંધીનગર ડેપો દ્વારા નવો કન્ટ્રોલ પોઈન્ટ ઉભો કરવામાં આવ્યો છે. મુસાફરોએ ૨૩૨૨૨૨૧૨ પર સંપર્ક કરી બસ સેવા અંગેની જરૂરી માહિતી મેળવી શકશે.

## બેસણું



મારા ધર્મપત્ની અ.સૌ. **પ્રિયવંદનાબેન ભૂપેન્દ્રભાઈ ભટ્ટીનું** તા. ૮/૯/૨૦૧૬ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું. **સદ્દગતનું બેસણું તા. ૧૦/૯/૨૦૧૬ને શનિવારના રોજ સાંજે ૪થી ૬ કલાક દરમિયાન** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : એસ-૪, તન્મય એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૨૦૪, સેક્ટર-૨૯, ગાંધીનગર- ૩૮૨૦૨૯.

**લી.**
**ભૂપેન્દ્રભાઈ જયંતિલાલ ભટ્ટી**
**અ.સૌ. વૈશાલી ગૌરવકુમાર પરમાર (પુત્રી)**
**મો. ૯૮૨૪૨ ૬૯૯૨૫**

## વાર્ષિક સાધારણ સભા અંગેની નોટીસ

આથી બેન્કના સર્વે સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે, આપણી બેન્કની ૪૨મી વાર્ષિક સાધારણ સભા તારીખ : ૨૫/૯/૨૦૧૬ને રવિવારે, સવારે ૯-૦૦ કલાકે બેન્કની હેડ ઓફીસ ખાતેના મકાનમાં ત્રીજા માળે, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે નીચે જણાવેલ કામકાજ સારૂ મળશે. જેમાં સર્વે સભાસદ મિત્રોએ સમયસર હાજરી આપવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

(૧) તા. ૯/૮/૨૦૧૫ની વાર્ષિક સાધારણ સભાની પ્રોસીડીંગને બહાલી આપવા બાબતે.
(૨) તા. ૩૧/૩/૨૦૧૬ના રોજ પૂરા થતાં વર્ષનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી તૈયાર કરેલ અહેવાલ, બેન્કનું ઓડિટ થયેલ સરવૈયુ તથા નફા-તોટાનો હિસાબ અને નફાની વહેંચણી મંજૂર કરવા બાબત.
(૩) ઓડિટરના રિપોર્ટની નોંધ લેવા બાબત.
(૪) બેન્કના બિન ઉપયોગી જમા પડી રહેલ ફંડને બિલ્ડીંગ ફંડ ખાતે લઈ જવા માટે નિર્ણય લેવા અર્થે.
(૫) પેટા કાયદામાં જરૂરી સુધારા-વધારા કરવા માટે મંજૂરી આપવા અર્થે.
(૬) ચેરમેનશ્રીની મંજૂરીથી રજૂ થાય તે કામ બાબતે.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સૂચનાથી**
**મનુભાઈ બી. પટેલ**
**મેનેજીંગ ડિરેક્ટર**

**નોંધ**
(૧) હિસાબી વિષયક માહિતી અંગેની વિશેષ જાણકારી માટે તા. ૨૦/૯/૨૦૧૬ સુધીમાં લેખિત માંગણી કરી બેન્કમાંથી રૂબરૂ માહિતી મેળવી લેવા વિનંતી.
(૨) કોરમના અભાવે સભા મુલત્વ રહેશે તો અર્ધા કલાક બાદ મુલત્વી રહેલ સભા તે જ સ્થળે એ જ કામ માટે ફરીથી મળશે જેમાં કોરમની જરૂરીયાત રહેશે નહિ.

## ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.

**પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ાા, સેક્ટર-૧૬, ગાંધીનગર**

### ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી બાબતે.

બેન્કની ટૂંક સમયમાં ખોલવામાં આવનાર નવી શાખાના ઉદ્દઘાટન માટેની તમામ જરૂરી કાર્યવિધિ માટે જેમ કે, આમંત્રણ કાર્ડ તૈયાર કરવા, વિતરણ કરવા, ઉદ્દઘાટન વિધિ કરવા તથા તેને સંબંધિત અન્ય કાર્ય માટે જરૂરિયાત હોઈ રસ ધરાવનાર એજન્સીએ તમામ વિગતો સાથે તથા અનુભવની જાણકારી સાથે જાહેરાતની તારીખથી દિન-૭ની અંદર પોતાની દરખાસ્ત રજી. એ.ડી. પોસ્ટથી ઉપરના સરનામે મોકલી આપવી.

એજન્સીની ગુણવત્તાના આધારે પસંદગી થયા બાદ જરૂરિયાત મુજબ ચર્ચા-વિચારણા કરીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**લિ. મેનેજીંગ ડિરેક્ટર**


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

કારીગરો પાસેથી સીધી ખરીદી ની સુવર્ણ તક
ગતિશીલ ગુજરાત
MONSOON હસ્તકલા મેળો-૨૦૧૬
તા. ૦૬ થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૧૬
સમય : સવારે ૧૧ થી રાત્રી ના ૮ સુધી







ભરતકામ, મોતીકામ, હાથશાળ, ચર્મકામ, માટીકામ, જ્વેલરી
ગૃહ સુશોભન ની ચીજ વસ્તુઓ અને ઘણું બધુ...
આખા વર્ષ દરમયાન મેળામાં ભાગ લેવા ઈચ્છુક કારીગરોએ સંપર્ક કરવા વિનંતી છે
સ્થળ: અમદાવાદ હાટ, વસ્ત્રાપુર તળાવ પાસે, અમદાવાદ
Visit us at :- www.craftofgujarat.gujarat.gov.in
ઈન્ડેક્ષ્ટ-સી
ઉદ્યોગ ભવન, ગાંધીનગર
www.craftofgujarat.gujarat.gov.in
Cottage and rural industries
કમિશ્નર અને સચિવ
કુટિર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
માહિતી/૧૪૨૫/૧૬-૧૭


## UMIYA TUBES LIMITED

(CIN: L28112GJ2013PLC074916)
Registered Office: 208, 2nd Floor, Suman Tower, Sector -11, Gandhinagar -382011

### NOTICE OF AGM & BOOK CLOSURE

NOTICE is hereby given that the 3rd Annual General Meeting (AGM) of the Members of the Company will be held at the Registered Office of the Company situated at 208, 2nd Floor, Suman Tower, Sector -11, Gandhinagar -382011 on Thursday, the 29th September, 2016 at 12.00 noon to transact business mentioned in the notice of Annual General Meeting.

In terms of section 101 and 136 of the Companies Act, 2013 read with Rule 18 of the Companies (Management and Administration) Rules, 2014, the notice setting out the business to be transacted at the AGM along with the Explanatory Statement pursuant to section 102(1) of the Companies Act, 2013 and Annual Report of the Company for the financial year 2015-16 have been sent in the prescribed mode to the members of the Company.

The Annual Report along with the notice of 3rd AGM is available on the Company's website www.umiyatubes.com under "investor relations" head in "Financials" section. Shareholders, who wish to receive physical copies of the Annual Report may write to the Secretarial Department at the Registered Office of the Company or send an email to investor@umiyatubes.com.

Every member entitled to attend and vote is entitled to appoint a proxy to attend and vote instead of himself/herself and such proxy need not be a member. Proxies in order to be effective should be duly completed and deposited at the registered office of the Company not less than 48 hours before the time fixed for holding of AGM.

A person, whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date i.e. 22nd September, 2016 only shall be entitled to voting at the meeting through ballot/poll papers.

In case of any queries or grievances, shareholders may get in touch with Mr. Ritendrasinh K Rathod, Company Secretary and Compliance Officer at the Registered Office of the Company at 208, 2nd Floor, Suman Tower, Sector -11, Gandhinagar -382011; Ph. No. 9033090050 or the e-mail ID as mentioned aforesaid.

Notice is also hereby given that, pursuant to Regulation 42 of the SEBI (LODR) Regulations, 2015 and Section 91 of the Companies Act, 2013 read with applicable Rules, the Register of Members and Share Transfer Books of the Company will remain closed from 22nd September, 2016, to 29th September, 2016, (both days inclusive) for the purpose of AGM.

Place: Gandhinagar
Date : 8th September, 2016

**By Order of the Board,**
**For UMIYA TUBES LIMITED**
**- Sd**
**BEENA P VAGHELA**
**CHAIRPERSON & DIRECTOR**


ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



D'DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
Kurl-on PU FOAM
SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com